eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 278
July 01, 2011



## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે આવેલ આર્ટ ગેલેરીમાં માચીસની કલાકૃતિઓનું પ્રદર્શન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે આવેલ આર્ટ ગેલેરીમાં માચીસ બોક્ષ, માચીસના લેબલ, વિવિધ પ્રકારની માચીસ તેમજ માચીસને અનુરૂપ મેચસ્ટીક પઝલ્સ અને મેચ સ્ટીકમાંથી બનાવેલા એફિલ ટાવરની દુર્લભ કલાકૃતિના પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૨૬/૦૬/૧૧ ના રોજ વિશ્વ વ્યસન મુકિત દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા યોજાયેલ વિવિધ કાર્યક્રમો



આજ રોજ તા. ૨૬/૦૬/૧૧ ના રવિવારના રોજ વિશ્વ વ્યસન મુકિત દિન નિમિત્તે ગુજરાત સ્ટેટ એઈડઝ કંટ્રોલ સોસાયટી, અમદાવાદ, સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા કાર્યરત સુરત એઈડઝ પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ યુનિટ, એસ.ટી.ડી.કેર પ્રોજેકટ, પરિવર્તન વ્યસન મુકિત કેન્દ્રના સંયુકત ઉપક્રમે મજુરાગેટ ફાયર સ્ટેશનથી પારલે પોઈન્ટ સુધી એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વરાછાઝોનમાં માનવસેવાનગર ઝુંપડપટ્ટીનું સ્થળાંતર

પૂર્વ(વરાછા) ઝોન ધ્વારા તાજેતરમાં ધરતીનગર તથા ઈન્દીરાનગર ઝુંપડપટ્ટીનુ સ્થળાંતર કરવામાં આવેલ છે. ત્યારબાદ પણ ઝુંપડપટ્ટીનાં અસરગ્રસ્ત ઈસમોને વૈકલ્પિક આવાસની ફાળવણી કરી ઝુંપડપટ્ટી સ્થળાંતર કરવાનું અભિયાન ચાલુ રાખવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે આવેલ આર્ટ ગેલેરીમાં માચીસની કલાકૃતિઓનું પ્રદર્શન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર ખાતે આવેલ આર્ટ ગેલેરીમાં માચીસ બોક્ષ, માચીસના લેબલ, વિવિધ પ્રકારની માચીસ તેમજ માચીસને અનુરૂપ મેચસ્ટીક પઝલ્સ અને મેચ સ્ટીકમાંથી બનાવેલા એફિલ ટાવરની દુર્લભ કલાકૃતિના પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. જેનું ઉદ્દ્ઘાટન આજરોજ તા. ૨૭/૬/૨૦૧૧ ના રોજ મા. મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મા. ડે. મેયર શ્રીમતી છાયાબેન ભુવા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંહ, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી ગીતાબેન પટેલ, મ્યુ.સભ્યશ્રીઓ, ડે.કમિશનરશ્રી, મ્યુ.એડવાઈઝરશ્રી, શ્રી મુકુલભાઈ શ્રોફ, શ્રી રામઅવતાર જૈન, શ્રી વિનોદસિંહ જાદવ તથા મોટી સંખ્યામાં નાગરીકો હાજર રહયા હતા.





આ પ્રદર્શનમાં માચિસ(દિવાસળી)ની શોધ, માચિસનો ઈતિહાસ, તેની ઉત્પાદન પ્રક્રિયા, તેના પ્રકારો,ભારતમાં આ માચિસ ઉદ્યોગનું આગમન, માચિસની પેકીંગ પ્રક્રિયા, માચિસના ખોખા બનાવવાની પ્રક્રિયા, માચિસના ખોખાના (મેચ લેબલ) સંગ્રહનો ઈતિહાસ, દેશ વિદેશની માચિસો, તેના પ્રકારો, દેશ વિદેશના વિવિધ પ્રકારના મેચ લેબલો તથા સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળામાં ચિત્ર શિક્ષક તરીકે ફરજ બજાવતાં શ્રી વિનોદસિંહ જાદવ ધ્વારા ૨૬ દિવસની અથાગ મહેનતથી ૫૫૦ દિવાસળીની પેટીઓનો ઉપયોગ કરીને ૨૨૦૭૬ જેટલી દિવાસળીથી ૧૨ ફુટની ઉંચાઈનો એફીલ ટાવર તૈયાર કરવામાં આવેલ અને સને ૨૦૦૫ના વર્ષમાં લિમ્કા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન પામેલ તે એફીલ ટાવરની દુલર્ભ કલાકૃતિ ઉપરાંત સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમમાં ઉપલબ્ધ માચીસના લેબલ અને માચીસ ડબ્બીઓ, સુરત લાલગેટ સ્થિત એકસપ્રેસ સ્ટુડિયોના શ્રી મુકુલભાઈ શ્રોફ પાસેથી પ્રાપ્ત થયેલ માચિસના લેબલો અને શ્રી રામઅવતાર જૈન, અડાજણ પાસેથી પ્રાપ્ત થયેલ મેચબોક્ષના લેબલો તથા શ્રી રીચી કમલ ભાટીયા તરફથી પ્રાપ્ત થયેલ મેચસ્ટીક પોટ્રેઈટ પણ આ પ્રદર્શનમાં પ્રદર્શિત કરવામાં આવેલ છે. અલગ અલગ બ્રાન્ડની માચિસની ડબ્બીઓ જેવી કે પક્ષીઓ, પ્રાણીઓ, ફુલો, રાષ્ટ્રીય સ્મારકો, રાષ્ટ્રીય સુત્રો, ધાર્મિક, સ્પોર્ટસ, આંતરરાષ્ટ્રીય મેચ લેબલો, ૨ સે.મી. થી ૧૨ સે.મી.ની સાઈઝ સુધીની મેચસ્ટીક વિગેરે મળી કુલ ૧,૩૦૦ જેટલા વિવિધ પ્રકારના મેચ લેબલો પ્રદર્શિત કરવામાં આવેલ છે. સાથોસાથ સાયન્સ સેન્ટરના મ્યુઝયિમ સ્ટાફ ધ્વારા મેચસ્ટીકમાંથી તૈયાર કરવામાં આવેલ ટી કપ, રકાબી, ભારતીય ચલણ રૂા. દર્શાવતું પ્રતિક, ઝાડ તેમજ વિવિધ કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવેલ છે, ઉપરાંત બાળકોને જ્ઞાન સાથે ગમ્મત પડે તે મુજબ આ માચિસની સળીઓની વિવિધ મેચસ્ટીક પઝલ્સ પણ ડીસ્પ્લે કરવામાં આવેલ છે.

સાયન્સ સેન્ટર સ્થિત આર્ટ ગેલેરી ખાતે સદરહુ પ્રદર્શન શાળા, કોલેજના વિદ્યાર્થીઓ તથા જાહેર જનતા તા. ૬–૭–૨૦૧૧ સુધી દરરોજ સવારે ૯.૩૦ થી સાંજે ૫.૦૦ કલાક સુધી વિનામુલ્યે નિહાળી શકશે.

**TOP**

## તા. ૨૬/૦૬/૧૧ ના રોજ વિશ્વ વ્યસન મુકિત દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા યોજાયેલ વિવિધ કાર્યક્રમો

આજ રોજ તા. ૨૬/૦૬/૧૧ ના રવિવારના રોજ વિશ્વ વ્યસન મુકિત દિન નિમિત્તે ગુજરાત સ્ટેટ એઈડઝ કંટ્રોલ સોસાયટી, અમદાવાદ, સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા કાર્યરત સુરત એઈડઝ પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ યુનિટ, એસ.ટી.ડી.કેર પ્રોજેકટ, પરિવર્તન વ્યસન મુકિત કેન્દ્રના સંયુકત ઉપક્રમે મજુરાગેટ ફાયર સ્ટેશનથી પારલે પોઈન્ટ સુધી એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અધ્યક્ષ સ્થાને ડે.મેયર શ્રીમતિ છાયાબેન ભુવા, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકરસીંગ, હોસ્પીટલ કમિટી અધ્યક્ષા પારૂલબેન ભારતી, આરોગ્ય અધિકારી અને ઈ. ચા. ડે. કમિશ્નર (હેલ્થ અને હોસ્પીટલ) ડો.હેમંત એસ.દેસાઈ તેમજ નાયબ આરોગ્ય અધિકારી, આરોગ્ય વિભાગ ડો.કે.આઈ.ખત્રી, એસ.ટી.ડી.કેર પ્રોજેકટનો સ્ટાફ, પરિવર્તન વ્યસન મુકિત કેન્દ્રના કર્મચારીઓ, સુરત શહેરની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરો તથા વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ વિગેરે મળી કુલ આશરે ૪૦૦ જેટલા નાગરીકો હાજર રહયા હતા.





સદર રેલીમાં વિવિધ સંસ્થાઓની સાથે શહેરની જાહેર જનતાએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં વ્યસન મુકિત જેવા કે બીડી, સીગારેટ, તમાકુ, ગુટકા, દારૂ તેમજ ડ્રગ્સને લગતા વિવિધ સંદેશાઓ બેનર, પ્લે કાર્ડ પર દર્શાવી તેમજ પ્રચાર વાહન મારફત જાહેરાત કરી સંદેશાઓ આપવામાં આવ્યા હતા. રેલી દરમ્યાન વ્યસનોથી મુકત થવા માટેની માહિતીના પેમ્ફલેટસનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

વિશ્વ વ્યસન મુકિત દિનની ઉજવણીની પૂર્વ તૈયારીરૂપે તા. ૨૫/૦૬/૨૦૧૧ ને સવારે ૧૦.૦૦ કલાકે રૂસ્તમપુરા, કોમ્યુનીટી હોલ ખાતે વ્યસન મુકિત જન જાગૃતિ સંદર્ભે એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નવી સીવીલ હોસ્પિટલ સુરતનાં માનસિક વિભાગ રોગના પ્રોફેસરશ્રી ડો.રૂતંભરા મહેતા દ્વારા ''વિવિધ પ્રકારના વ્યસનો અને તેમાંથી મુકિત'' વિષય પર વકતવ્ય આપવામાં આવેલ. જયારે ''યુવાનો અને વ્યસન'' અંગેના વિષય પર ડો.કમલેશ દવે, એસો.પ્રોફેસરશ્રી, માનસિક વિભાગ, નવી સિવિલ હોસ્પિટલ, સુરત દ્વારા સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વ્યસનોના શિકાર કેવી રીતે બનાય છે તેમજ તેની વિપરીત અસર વ્યસની ઉપર, તેના પરિવાર ઉપર તેમજ સમાજ ઉપર થાય છે તે અંગેની માહિતી આપવામાં આવી. આ ઉપરાંત આ વ્યસનોથી કેવી રીતે બચી શકાય તેમજ વ્યસન લાગ્યા બાદ તેની સારવાર ઉપચાર તથા વધુ સારવાર અર્થે કયાં જવું તે સઘળી બાબતની જાણકારી શ્રોતાઓને આપવામાં આવી. આ સમારંભના અધ્યક્ષ સ્થાને આરોગ્ય અધિકારી અને ઈ. ચા. ડે. કમિશ્નડડપબશ્રી (હેલ્થ અને હોસ્પીટલ) ડો.હેમંત એસ.દેસાઈ તથા સા.પ.કુ. ના પ્રોગ્રામ એડવાઈઝર ડો.જે.કે.કોસંબીયા હાજર રહયા હતા. શ્રોતાઓમાં એસ.ટી.ડી.કેર પ્રોજેકટનો સ્ટાફ, પરિવર્તન વ્યસન મુકિત કેન્દ્રના કર્મચારીઓ, સુરત શહેરની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરો તથા વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ વિગેરે મળી કુલ આશરે ૫૦૦ જેટલા લોકો હાજર રહયા હતા. અંતમાં નશીલી દવાઓનું ઈન્જેકશન મારફતે સેવન કરતા લોકો માટે કાર્યરત પ્રોજેકટ જે લોખાત હોસ્પિટલમાં ચાલે છે અને જે સમગ્ર ગુજરાતમાં સુરત ખાતે જ ચાલતો હોય તેની માહિતી આપવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંકલન સા.પ.કુ. ના પ્રોગ્રામ ઓફિસર ડો.એચ.કે.સોંધરવા તેમજ આરોગ્ય અધિકારી અને ઈ. ચા. ડે. કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ) ડો.હેમંત એસ.દેસાઈના સીધા માર્ગદર્શન તથા દેખરેખ હેઠળ કરવામાં આવ્યું હતું.

TOP

## વરાછાઝોનમાં માનવસેવાનગર ઝુંપડપટ્ટીનું સ્થળાંતર

પૂર્વ(વરાછા) ઝોન દ્વારા તાજેતરમાં ધરતીનગર તથા ઈન્દીરાનગર ઝુંપડપટ્ટીનુ સ્થળાંતર કરવામાં આવેલ છે. ત્યારબાદ પણ ઝુંપડપટ્ટીનાં અસરગ્રસ્ત ઈસમોને વૈકલ્પિક આવાસની ફાળવણી કરી ઝુંપડપટ્ટી સ્થળાંતર કરવાનું અભિયાન ચાલુ રાખવામાં આવેલ છે. તે હેઠળ ટી.પી.સ્કીમ નં.૩ (કરંજ)માં સુરત મહાનગરપાલિકાની માલિકીની ફા. પ્લોટ નં.૨૩ની જમીનમાં માનવસેવાનગરથી ઓળખાતી વસાહતના ૧૧૭ ઝુંપડાઓનાં સ્થળાંતરની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ ૧૧૭ ઝુંપડાઓ પૈકી ૯૯ ઝુંપડાઓનાં લાભાર્થી વૈકલ્પિક આવાસની ફાળવણી માટેનો ડ્રો તા. ૧૫/૦૬/૨૦૧૧ નાં રોજ કરવામાં આવેલ. આ લાભાર્થી ઈસમો ધ્વારા પ્રાથમિક ફાળાની રકમ ભરપાઈ કરી સ્વૈચ્છિક સ્થળાંતરની કામગીરી શરૂ કરી દેવામાં આવેલ છે. તે હેઠળ તા. ૨૨/૦૬/૨૦૧૧ ના રોજ ૪૧ ઝુંપડાઓના અસરગ્રસ્ત ઈસમો ધ્વારા સ્વૈચ્છિક સ્થળાંતર કરી ઝુંપડા ખુલ્લા કરવાની કામગીરી સ્વયંભૂ શરૂ કરવામાં આવેલ છે. આ ઝુંપડપટ્ટીનું સ્થળાંતર થતાં આશરે ૨૪૦૦ ચો.મી.જગ્યા ખુલ્લી થશે. જેમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા વેજીટેબલ માર્કેટનું આયોજન કરવામાં આવેલ છે. આ જગ્યામાં વેજીટેબલ માર્કેટ બનતાં આ વિસ્તારના ટી.પી./જાહેર રસ્તા પર શાકભાજીની લારીઓ તથા પાથરણાવાળાના થતા દબાણનો પ્રશ્ન હલ થવાની શકયતા છે.

TOP